**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૨ ટકા

# શહેરમાં હિપેટાઈટીસ અંગે જાગૃતિ રેલી

## નર્સિંગ કોલેજના આશરે ૨૫૦ વિદ્યાર્થીઓએ આ અનોખી પહેલમાં ભાગ લીધો

ગાંધીનગર, તા.૩

હિપેટાઈટિસ અંગે જાગૃતિ લાવવા અને જનસમુદાયમાં તેનો સંદેશ ફેલાવવા અપોલો હોસ્પિટલ્સ એન્ડ અપોલો નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટે સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ, ગાંધીનગરના સહયોગમાં ગુરુવારે, ત્રીજી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ એક રેલીનું આયોજન કર્યું હતું. બંને નર્સિંગ કોલેજના આશરે ૨૫૦ વિદ્યાર્થીઓએ આ અનોખી પહેલમાં ભાગ લીધો હતો. આ રેલી સરકારી નર્સિંગ કોલેજથી શરૂ થઈને ઘ-૩ સર્કલ સુધી યોજાઈ હતી. જેનું સમાપન કોલેજ ખાતે થયું હતું. આ પ્રસંગે અમદાવાદની અપોલો હોસ્પિટલ્સના લિવર ડિસીઝીસ એન્ડ ગેસ્ટ્રોએન્ટેરોલોજીના ચીફ કન્સલ્ટન્ટ ડૉ. શ્રવણ બોહરા, એસ એમ પટેલ નર્સિંગ કોલેજ, ગાંધીનગરના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. આર. જે. વ્યાસ અને પ્રિન્સિપાલ ફાલ્ગુની મોદી ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં દર ૧૦૦ વ્યક્તિમાંથી એક વ્યક્તિ હિપેટાઈટિસ-સી વાઈરસ અને દર ૧૦૦ વ્યક્તિમાંથી ત્રણ વ્યક્તિ હિપેટાઈટિસ-બી વાઈરસથી અસરગ્રસ્ત છે. ભારતમાં આ રોગોને કારણે દર વર્ષે લાખો લોકો મૃત્યુ પામે છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં હિપેટાઈટિસને નાબૂદ કરવા વૈશ્વિક સ્તરે અવાજ બુલંદ બન્યો છે તેમ ડૉ. શ્રવણ બોહરાએ જણાવ્યું હતું.

હિપેટાઈટિસ ભારતમાં રોગનાં વધતાં ભારણ તરીકે જોવાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનાં જણાવ્યાં મુજબ, હિપેટાઈટિસ બી હોય કે સી હોય, હિપેટાઈટિસ વાઈરસ ઈન્ફેક્શન સાથે મોટાભાગનાં લોકો તેનાથી અજાણ છે. દર્દીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સાવચેતીનાં પગલાં હજુ પણ સંબોધવામાં આવ્યાં હતાં. ડો. બોહરાએ ઉમેર્યું હતું કે, "સાફસફાઈ, સ્વચ્છ પાણી, હાથ સાફ કરવા, મળમૂત્રનો યોગ્ય નિકાલ, સલામત જાતિય સંબંધ અને હોસ્પિટલ ઉપકરણોનું શુદ્ધિકરણ એ કેટલાક જરૂરી નિવારણાત્મક પગલાં છે. હિપેટાઈટિસ સી અને ઈ સામે હજુ સુધી કોઈ સંરક્ષણાત્મક રસી ઉપલબ્ધ નથી. હિપેટાઈટિસ બી અંગે સાર્વત્રિક રસીકરણની હિમાયત કરવામાં આવી છે, પણ હજુ એમાં નક્કર પ્રગતિ સાધી શકાઈ નથી. હિપેટાઈટિસ એ સામે રસીકરણ હજુ પણ ચર્ચાસ્પદ છે, છતાં તે અતિ અસરકારક છે."

હિપેટાઈટિસ એટલે યકૃતમાં સોજો, જે એ, બી, સી, ડી અને ઈ જેવા વિવિધ વાયરસમાંથી થાય છે. હિપેટાઈટિસ એ અથવા ઈ ૧થી ૧૬ અઠવાડિયા ચાલતી તીવ્ર બિમારી છે, જેમાં મોટાભાગનાં દર્દીઓ એકથી બે અઠવાડિયાની અંદર સાજાં થઈ જશે. હિપેટાઈટિસ એ બાળકોમાં અને હિપેટાઈટિસ ઈ પુખ્તોમાં સામાન્ય છે. હિપેટાઈટિસ બી અને સી વધારે ખતરનાક રોગો છે. હિપેટાઈટિસ સીની સરખામણીમાં હિપેટાઈટિસ બી ત્રણ ગણી વધારે સામાન્ય છે અને સિરોસીસ તરફ દોરી જતી યકૃતની તીવ્ર બિમારીનું સૌથી સામાન્ય કારણ છે. હિપેટાઈટિસ બી વાયરસ તમાકુ પછી મનુષ્યનાં શરીરમાં કેન્સરનું બીજું સૌથી સામાન્ય કારણ છે.

હિપેટાઈટિસ સીની સારવાર છેલ્લાં થોડાં વર્ષમાં બદલાઈ છે, જે અત્યારે વ્યવહારિક રીતે સારવાર થઈ શકે તેવો રોગ છે. સલામત અને અસરકારક ટેબ્લેટ્સ ઉપલબ્ધ છે, જેને ત્રણથી છ મહિના લેવી પડે છે.

### હિપેટાઈટીસની લીવર પર ગંભીર અસર

ગુજરાતમાં હિપેટાઈટસ-સીના ૧૧ ટકા જેટલા દર્દીઓ છે જ્યારે હિપેટાઈટીસ-બીના ૧ ટકા જેટલા. દરેક ૧૦ દર્દીમાંથી ત્રણ દર્દીને લીવરની તકલફ થાય છે. લીવર એકવાર ખરાબ થાય પછી ફરી સાજુ શઈ શકતું નથી તેને ટ્રાન્સપ્લાન્ટ જ કરવું પડે છે. આપણા સમાજમાં અંગદાન પ્રત્યે જાગૃતિ ઓછી હોવાને પગલે લીવર જલ્દી મળતા નથી. તાજેતરમાં ગાંધીનગરના એક યુવાન વરિષ્ઠ પત્રકારે લીવર સમયસર ન મળવાને કારણે જીંદગી ગુમાવી છે.




## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં કુંદન-મોતીકલાના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે પવિત્રાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ ઉમેશભાઈ ઓઝા, ૧૫૨, સહકાર કોલોની, સે-૨૫ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના દ્વારકાધીશ પ્રવાસ ખાતે કરવામાં આવશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સુકા મેવાના કલાત્મક હિંડોળાના દર્શન તથા રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ વિશાલ બી. ભટ્ટ, પ્લોટ નં. ૪૨૮/૨, કિસાનનગર ખાતે યોજાશે.

● સે-૬-બી ખાતે સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા દ્વારા રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન સત્સંગ પારાયણ તથા હિંડોળા દર્શન યોજાશે.

## ફીયરલેસ લાઈફ વિષય પર સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૩

શહેરમાં આગામી તા. ૫મી ઓગસ્ટના રોજ ભયમુકત જીવન વિષય પર સેમિનાર યોજાશે. આ સેમિનારમાં વકતા તરીકે સંજયભાઈ રાવલ ઉપસ્થિત રહેશે.

ભયમુકત જીવન વિષય પર સેમિનારમાં અત્યારે લોકો જીવન ખુશીથી અને ભયમુકત રીતે જીવે અને આગળ વધે તે માટે સેમિનાર બપોરે ૪ થી ૭ કલાક દરમિયાન નાથીબા હોલ, સે-૨૩ ખાતે યોજાશે.

# શાહપુર સર્કલ નજીકથી ચાલતી જતી યુવતી સાથે ચેઈન સ્નેચીંગ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક શાહપુર સર્કલથી રીલાયન્સ સર્કલ વચ્ચે ગઈ મોડી સાંજે ચેઈન સ્નેચીંગની ઘટના બનવા પામી હતી. ચાલતી જતી યુવતીને પાછળથી આવેલા શખ્સે ટાર્ગેટ બનાવી તેના ગળામાંથી સોનાનો ચેઈન લુંટી બાઈક પર આવેલા બીજા સાગરિત સાથે બેસીને ફરાર થઈ ગયો હતો. યુવતીની ફરિયાદને આધારે ઈન્ફોસીટી પોલિસે ગુનો દાખલ કરી સીસીટીવી ફુટેજ મેળવી લુંટારૂઓ સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

કુડાસણના ઉર્જાનગર વિસ્તારમાં રહેતી યુવતી રીધ્ધી મહેશચંદ્ર ખત્રી ગઈ કાલે સાંજે રક્ષાશકિત સર્કલ (શાહપુર ચોકડી)થી રીલાયન્સ ચોકડી તરફ ચાલતી જઈ રહી હતી તે દરમિયાન વૃન્દાવન સોસાયટીની સામેના રોડે રીધ્ધી ખત્રી પહોંચી ત્યારે પાછળથી એક યુવાન શખ્સ ચાલતો ચાલતો તેણીની નજીક આવ્યો અને ગળામાં હાથ મારીને એક તોલાની ગળે પહેરેલી સોનાની ચેઈન ઝુંટવી લુંટી લઈને ભાગ્યો હતો. રિધ્ધી ખત્રીએ બુમાબુમ શરુ કરી પરંતુ આસપાસના લોકો ભેગા થાય તે પહેલા જ તે લુંટારું શખ્સ આગળ બાઈક લઈને ઉભેલા તેના સાગરીતના બાઈક પાછળ બેસી ગયો અને તે બંને બાઈક પર રફ્ફુચક્કર થઈ ગયા હતા. રૂ. ૨૫ હજારની કિંમતની ચેઈનની લુંટ મામલે રીધ્ધી ખત્રીએ ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા ઈન્ચાર્જ પી.આઈ. ડી.બી. વાળાએ ટીમ દોડાવી રસ્તા પરના સીસીટીવી ફુટેજ મેળવી આરોપીઓ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે. ઘટનાની તપાસ પી.એસ.આઈ. એમ.આર. પટેલે આરંભી છે.



એક તરફ કેન્દ્ર સરકાર જીએસટી લાગુ કરવાથી મોંઘવારી ઘટશે તેવા દાવા કરી રહી છે તો બીજી તરફ ટમેટા, ફુલાવર સહિત દરરોજની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ કહી શકાય તેમાં અસહ્ય ભાવ વધારો ગૃહિણીઓના ઘરના બજેટ ખોરવી રહ્યો છે. દિન પ્રતિદિન નવા નવા રાજકારણ ખેલવામાં કરોડો-અબજો રૂપિયાની લેતી દેતી કરવામાં વ્યસ્ત રાજકારણીઓથી પ્રજા ત્રસ્ત થઈ ચુકી છે. ઉમાશંકર જોષીએ આ પ્રકારના સત્તાધીશોને જ કદાચ સંબોધીને લખ્યું હશે કે 'ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી ન લાધશે'. જો કે હાલ તો પ્રજા પણ આવા કોઈ પગલા લેવાના મુડમાં નથી લાગતી અને એટલે જ તો આટલા ભાવ વધારા પછી પણ ટામેટાની આ લારી ગ્રાહકનો ઈંતઝાર કરી રહી છે.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ટેલિફોન ડીરેકટરી પ્રકાશિત

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ટેલિફોન સુચિકા-૨૦૧૭ ચોથી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવેલ છે. ગાંધીનગરના સ્થાપના દિને વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે આ ડીરેકટરીનું વિમોચન કરાયું હતું. આ પ્રસંગે મેયર પ્રવિણભાઈ પટેલ, જિલ્લા કલેકટર સતિષભાઈ પટેલ, વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના સંબધિત તમામ ટેલિફોન નંબરોનો સમાવેશ કરવામાં આવેલ છે તથા સમામ સરકારી કચેરીઓ, આરોગ્ય સેવાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સેવાકીય સંસ્થાઓના નંબરોની માહિતીને સમાવવામાં આવેલ છે.

ટેલિફોન સુચિકાના સંપાદક મડંળમાં પ્રમુખ અરૂણભાઈ બુચ, સુધીર દેસાઈ, કીશોર જીકાદરા, મયુરભાઈ વ્યાસ, નિલેન્દુ વોરા, શશીકાંત મોઢાએ ભારે જહેમત ઉઠાવી છે. ટેલિફોન સુચિકાના પ્રકાશન કાર્યમાં ગુડાના ચેરમેન આશિષ દવે, શ્રેય હોસ્પિટલના ચેરમેન ભરતભાઈ મહંત, બીએસએનએલના ડીવીઝનલ કમિશનર આશિષ ઠાકર અને સમર્પણ મુદ્રણાલયના અજીત રાણાએ સરાહનીય સહયોગ આપ્યો છે.

## આઈ લવ માય ગાંધીનગર



**કાંતિભાઈ પરમાર**
સરકારી કર્મચારી

**ગાંધીનગર ગમે**
શાંત, રમણીય વાતાવરણ, સુંદર માર્ગો અને મિલનસાર લોકોને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**
શહેરના લોકો પરસ્પર સહકારની વિચારધારાને વરેલા છે અને સ્વભાવના શાંત છે. સાથે-સાથે નગરજનો શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે પણ જોડાયેલા છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કલ્ચરલ ફોરમ જેવી સંસ્થા શહેરને સાંસ્કૃતિક દૃષ્ટિએ સમૃદ્ધ બનાવી રહી છે, જ્યારે કડી સર્વ વિશ્વવિદ્યાલય, આઈઆઈટી, એનઆઈડી જેવી ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાઓ શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવાનું કામ કરી રહી છે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા કરવામાં આવતી સેવા - સામાજિકિ સેવા પ્રવૃત્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

**નગરને બહેતર બનાવવા**
સ્થાનિક તંત્ર અને લોકો વચ્ચે સંવાદિતા વધારવાની જરૂર છે. સાથે-સાથે માળખાકીય સુવિધાઓને સુધારવાની જરૂર છે, જેમાં મુખ્ય માર્ગો પર ફૂટ ઓવર બ્રિજ બનાવવા ખૂબ અનિવાર્ય છે.

**નગર માટે હું કરી શકું**
સ્થાનિક સ્વરાજની સંસ્થાને તથા સામાજિક સંસ્થાઓને મારા જ્ઞાન અને અનુભવ થકી શહેરનાં વિકાસકાર્યોમાં મદદરૂપ થવા માટે હું તૈયાર છું.

## એસ.કે .પટેલ અંગ્રેજી માધ્યમ પ્રિ-પ્રાયમરી શાળામાં યોજાયેલ ભવ્ય પ્રદર્શન

ગાંધીનગર, તા.૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ શાળામાં તા. ૨૨ જુલાઈના રોજ બાળકોએ તૈયાર કરેલા પ્રોજેક્ટનું સુંદર પ્રદર્શન યોજાઈ ગયું. શાળા તરફથી જૂનિયર કે. જી. ના બાળકોને 'કેક' નું મોડલ અથવા ચાર્ટ બનાવવાનો પ્રોજેકટ આપવામાં આવ્યો હતો તથા સિનિયર કે. જી.ના બાળકોને તેમના અભ્યાસક્રમને લગતા વિષયોને અનુરૂપ મોડેલ અથવા ચાર્ટ બનાવવાનો પ્રોજેકટ આપવામાં આવ્યો હતો.



વાલીઓએ પોતે ખૂબ મહેનતથી અંગત રસ લઈને વિવિધ પ્રકારની કેક, સુંદર બગીચા સાથેના ઘર, વિવિધ કલરના તોરણ, શાકભાજીનો બગીચો, ફાર્મમાં ઉભેલા પ્રાણીઓ એમ અત્યંત આકર્ષક અને મનમોહક મોડલ્સ બાળકો સાથે મોકલાવ્યા હતા.

શાળાના તમામ બાળકોને આ મોડલ્સ બતાવી, તેના વિશે જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. આ તબક્કે એસ.જી. અને એસ.વી. ઈંગ્લિશ મીડિયમના ધોરણ-૧ ના વિદ્યાર્થીઓ તથા શિક્ષિકાઓએ પણ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી તથા વાલીઓની અને શાળા પરિવારની સક્રિય કામગીરીની પ્રશંસા કરી હતી.




ગાંધીનગરની વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે નર્મદા મહોત્સવ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્કૂલના આચાર્યા તથા જ્યોતિ મહિલામંડળના પ્રમુખ ડો. ચેતના બુચ ઉપસ્થિત રહ્યાં હતા. આ સ્પર્ધામાં ૨૭ વિદ્યાર્થીઓએ ભાગ લઈ રોચક વક્તવ્યો રજૂ કર્યા હતા.

## જયોતિષી વિષયમાં પીએચડી થયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સેકટર- ૩ ન્યુમાં રહેતા શ્રી વિષ્ણુકુમાર આર. વૈષ્ણવ (જયોતિષાચાર્ય)એ 'જયોતિષીય દ્રષ્ટી સે અધ્યયન' વિષય પર તૈયાર કરેલ મહાનિબંધને જયોતિષ વિશ્વ વિદ્યાપીઠ, ઓમકારેશ્વરએ માન્ય રાખી તેમને પીએચડીની પદવી એનાયત કરી છે. તેમને ફોર આઉટસ્ટેન્ડીંગ કંટ્રીબ્યુશન ઈન ધ ફિલ્ડ ઓફ એસ્ટ્રોલોજિકલ સાયન્સમાં ગોલ્ડ મેડલ પણ મળ્યો છે.



શ્રી વિષ્ણુકુમાર આર. વૈષ્ણવને પીએચડી વિષયના સંશોધન અને મહાનિબંધ તૈયાર કરવામાં વિશ્વ વિદ્યાપીઠ, નાગપુરના વાઈસ ચાન્સેલર શ્રી ડૉ. કવિતા ત્રિવેદીએ જરૂરી માર્ગદર્શન પુરું પાડયું હતું.

## ચંદ્રગ્રહણ હોવાથી પુનમે લિમ્બચ માતાનું મંદિર બપોરથી બંધ રહેશે

ગાંધીનગર, તા.૩

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળના જણાવ્યા પ્રમાણે શ્રી લિમ્બચ માતાજી મંદિર તા. ૭મી ઓગસ્ટ પુનમના રોજ ચંદ્રગ્રહણ હોવાથી બપોરે સાડા અગિયાર વાગ્યેથી આરતી બાદ બંધ રહેશે.

શ્રી લિમ્બચ માતાજી મંદિર ગાંધીનગર ખાતે રવિવારે સાંજે ચાર વાગે ફુલોના ભવ્ય હિંડોળામાં માતાજી બિરાજશે તથા સાંજે સાડા છ વાગે આરતી થશે તથા મહાપ્રસાદ ધરાવવામાં આવશે તો ભકતોને દર્શનાર્થે પરિવાર સહ પધારવા જણાવવામાં આવ્યુ છે.

## સે-૭-ડીના તેજસ્વી વિદ્યાર્થીઓ તથા વયસ્ક નાગરિકોનું સન્માન યોજાશે

ગાંધીનગર, તા.૩

સેક્ટર-૭-ડી શહેરીજન સંસ્થા તથા નિવૃત્ત અધિકારી મંડળ સેક્ટર-૭-ડીની બેઠક યોજાઈ હતી. પ્રમુખ જયંતિભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. પુરસ્કૃતો તથા સે-૭-ડીમાં અવસાન પામેલા સભ્યોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. સુમંતભાઈ શાહે સદવાંચન કર્યું હતું તથા બંને સંસ્થાના ગત વર્ષના હિસાબો રજુ કરીને મંજુર કરવામાં આવ્યા હતા.

તા. ૨૦મી ઓગસ્ટે સાંજે સાડા ત્રણ વાગે વાર્ષિક સામાન્ય સભા, ધો-૧ થી ૧૦ તથા ધો-૧૨ના વિદ્યાર્થીઓનું સન્માન, ૭૫ વર્ષના વડીલોનું સન્માન કરવામાં આવશે.

વાર્ષિક કાર્યક્રમમાં નિમેષભાઈ રાવલ, અમરનાથભાઈ ભટ્ટ તથા ચૌધરી કેળવણી મંડળના ટ્રસ્ટીઓ મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. નવી કારોબારીની રચના કરવામાં આવશે. સે-૭-ડીના વૃક્ષોનું ટ્રીમીંગ કરવું, ૭મા પગારપંચ પ્રમાણે ભથ્થા ચુકવા, એરીયર્સ ચુકવવાની ચર્ચા કરવામાં આવી હતી. જયંતિભાઈ ભટ્ટ, સુમંતભાઈ શાહ, એસ.ડી. ગોસ્વામી, કેશવગીરી ગોસ્વામી, ભૂપતભાઈ ભૂતડીયા, પ્રવીણભાઈ દોશી. બી.એસ. કારીયા વગેરે સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો હતો.

## રવિવારે ગાયના શીંગડા પર રેડિયમ બેન્ડ લગાવવાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર શહેરમાં બિનવારસી પશુઓ ખુબ જ વધી ગયેલ છે. જેથી અકસ્માતનો ભોગ બનાય છે. પશુઓને ઈજા પહોંચે છે. ગાયોના તથા નાગરિકોના રક્ષણ માટે ગાયના શીંગડા ઉપર રેડિયમ બેન્ડ લગાવવામાં આવશે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા ઉપસ્થિત રહેશે. તા. ૫મી ઓગસ્ટના સવારે ૧૧ કલાકે રામકથા મેદાન, સેકટર-૧૧-ગાંધીનગર ખાતે આ કાર્યક્રમ યોજાશે તેમ ગાંધીનગર કાઉન્સીલ ફોર પીપલ્સ વેલ્ફેરના વિરેન્દ્રસિંહ ગોહિલ અને ડૉ. પ્રતિક ચવેલીકરએ જણાવ્યું છે.

# સંસ્કૃતિકુંજ ખાતે રમતગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૩

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશનર કચેરીના સંસ્કૃતિકુંજ પ્રતિષ્ઠાન આયોજીત સંસ્કૃતિકુંજ ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

રમતગમત મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ વૃક્ષારોપણ પ્રસંગે જણાવ્યું હતું કે છોડમાં રણછોડની પ્રકૃતિપ્રેમની સંસ્કૃતિથી પ્રકૃતિ સાથે સંવાદ દ્વારા ગ્લોબલ વોર્મિંગના સંકટમાંથી ઉગારવા વૃક્ષો ખરા અર્થમાં પર્યાવરણનું જતન કરી માનવસેવાના હામી બન્યા છે.





ભારતીય સંસ્કૃતિને ધ્યાનમાં રાખી વનશ્રી ટ્રસ્ટ એન્જીઓ દ્વારા ગ્રહ, નક્ષત્ર અને રાશી પ્રમાણે વિવિધ ૫૦ જેટલા વૃક્ષો વાવી હરિયાળી ગુજરાતની ઓળખ પ્રસ્થાપિત કરવા અનુકરણીય યોગદાન આપ્યું હતું.

આ પ્રસંગે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગના સચિવ વી.પી.પટેલ કમિશનર એમ.એ. ગાંધી નાયબ સચિવ ભાવેશ એરડા, સ્પોર્ટસ યુનીના જતીન સોની, ડી.જી. સંદિપ પ્રધાન, ભરત વૈષ્ણવ તથા કમિશનર કચેરીના તમામ અધિકારી કર્મચારીઓએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત ગાંધીનગરની જાણીત કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલ અને સાથી કલાકારોએ પણ ગાંધીનગરના જન્મદિવસની ઉજવણી પ્રસંગે વૃક્ષારોપણ કર્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. સંતોખસિંહ વીરભાણસિંહ ચૌહાણ, ઉ.વ. ૫૫